**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૦૫/૨૦૧૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૩૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૬,૦૮૦ ઇગ્લીશ ક્વોટર, ૦૧ કાર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૬૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૩૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૩૩/૧૬**

**ઓઢવ :** **વિજયભાઇ દશરથભાઇ પટેલ** (રહે.રચના સોસાયટી, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) એ તા.૧૯/૫/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના મોટાભાઇ ભાવેશભાઇ દશરથભાઇ પટેલ (ઉ.વ.૩૮) નાઓને આરોપી (૧) પુનીતભાઇ પાસેથી રૂપિયા ૫,૮૩,૦૦૦/- (૨)ગૌતમભાઇ પાસેથી રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- અને (૩) પ્રકાશભાઇ નાઓ પાસેથી રૂપિયા ૯,૪૬,૦૦૦/- લેણાં નિકળતાં હોઇ અવાર-નવાર માંગણી કરવા છતાં, પૈસા પરત નહીં આપી ભાવેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી તેમજ ભાવેશભાઇ નાઓએ આરોપી નં.(૪) હરપાલભાઇ અને (૫)જગદીશભાઇ પ્રણવભાઇ પટેલ (રહે.વિશ્વકર્મા વિહાર સોસાયટી, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ) ને કુલ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- ચુકવવાનાં હોઇ, તેઓ બંનેએ પણ ભાવેશભાઇને ધમકીઓ આપી, માનશીક ત્રાસ આપવાના કારણે તા.૩/૫/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ગુરૂદ્વારા પાસે આવેલ પુષ્કર હિલમાં દુકાન નંબર-૯ માં ભાવેશભાઇએ પંખા સાથે દોરી બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૩૪/૧૬**

**નરોડા :** નરોડા વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની યુવતીએ તા.૧૯/૫/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એકાદ વર્ષ અગાઉથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી કમલેશ કટારા (રહે.બાસવાડા, રાજસ્થાન) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી યુવતીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર બળજબરીથી શરીર સંબંધ બાંધી યુવતીને ગર્ભવતી બનાવતાં, યુવતીએ મૃત બાળકીને જન્મ આપ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૩૫/૧૬</u>

**સરખેજ** : નાથાજી હીરાજી ઠાકોર (રહે.મંગળપાર્ક સોસાયટી, રીલાયન્સ પેટ્રોલપંપની પાછળ, તા.ડીસા જી.બનાસકાઠા) એ તા.૧૯/૫/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૫/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે એલ.જે.કોલેજ સામે, નાગદેવ મંદીરની સામેનાં છાપરા આગળથી પોતાની ભાણી અમિબહેન (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલકી ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૩૬/૧૬</u>

**રાણીપ** : **પંકજભાઈ** જયંતીલાલ રોય (રહે.જીવનપ્રભા ફ્લેટ, કેશવનગર, સુભાષબ્રીજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૫/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૧૯/૫/૧૬ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે દરવાજાની જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૮૩,૦૦૦/- તેમજ પડોશમાં રહેતા સાહેદનાં મકાનની જાળીનું તાળુ તોડી મકાનમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૮૨,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)